4529

પાન ૨

# મુખ્ય મુખ્ય કેન્દ્રોના બજારભાવો

તા. ૨૮–૫–૬૮

## વડોદરા

| | |
|---|---|
| સીંગતેલ | ૨૫/૫૦ |
| મગફળી | ૨૭૫/૦૦ |
| ચાંદી ૯૯૯ | ૫૫૨/૦૦ |
| ચાંદી ૯૯૬ | ૫૪૮/૦૦ |
| ચાંદી ચાકા | ૫૪૫/૦૦ |
| ચાંદી સીક્કા | ૫૭૫/૦૦ |
| નવા સીક્કા | ૨૯૭/૦૦ |
| સોનુ સ્ટા. | ૧૬૧/૦૦ |
| સોનુ શુદ્ધ | ૧૮૫/૦૦ |
| ગીની | ૧૩૨/૦૦ |

બજાર સમિતિ

| | |
|---|---|
| જુવાર દેશી | ૧૪/૦૦ |
| બાજરી | ૧૫/૦૦ |
| બાજરી દેશી | ૧૫/૫૦ |
| ઘઉં બુટકી | ૧૮/૦૦ |
| ઘઉં બાલીયા | ૨૧/૦૦ |
| તુવર | ૨૨/૦૦ |
| તુવર દાળ | ૩૦/૦૦ |
| ચણા દેશી | ૨૦/૦૦ |
| મગ લીલા | ૨૪/૦૦ |

## દાહોદ

| | |
|---|---|
| મકાઈ સફેદ | ૬૬/૬૭ |
| મકાઈ પીળી | ૬૪/૦૦ |
| ચણા | ૭૯/૦૦ |
| તુવેર લાલ | ૮૮/૦૦ |
| તુવેર સફેદ | ૯૬/૦૦ |
| અડદ | ૧૧૦/૦૦ |
| ઘઉંરાજીયા | ૬૯/૦૦ |
| ઘઉં બોગ્ર | ૮૦થી૧૦૦ |
| ઘઉં કાઠા | ૧૧૦/૧૧૫ |
| ડોળી | ૧૦૦/૦૦ |
| મગફળી | ૯૪/૦૦ |
| એરંડા | ૮૯/૦૦ |
| તલ | ૧૫૦/૦૦ |
| સીંગતેલ | ૨૬/૦૦ |
| સીંગખોળ | ૪૨૫/૦૦ |
| ડોળીયું | ૨૮/૦૦ |
| ડોળી ખોળ | ૧૬૦/૦૦ |

## ગોધરા

| | |
|---|---|
| સીંગતેલ | ૨૫/૫૦ |
| વેજલપુર | ૨૫/૫૦ |
| મગફળી | ૨૮૦/૦૦ |
| સીંગખોળ | ૪૩૧/૦૦ |

## ભરૂચ

| | |
|---|---|
| લાંગ | ૬૭/૦૦ |
| લાંગદાળ | ૯૨/૦૦ |
| સીંગતેલ | ૨૬/૫૦ |
| તલ તેલ | ૩૦/૭૫ |
| દીવેલ | ૨૧/૫૦ |
| શ્રીફળમોટા | ૫૧/૦૦ |
| શ્રીફળનાના | ૪૭/૦૦ |
| કપાસીયા | |
| ડભોઈ | ૪૩/૨૫ |
| ડભોઈલાઈન | ૪૬/૫૦ |
| ઈટોલા | ૪૬/૭૫ |
| મીયાગામ | ૪૭/૦૦ |
| પાલેજ | ૪૭/૫૦ |
| નબીપુર | ૪૭/૦૦ |
| ભરૂચ | ૪૭/૦૦ |
| અંકલેશ્વર | |
| હાંસોટ | |
| રાજપીપળા | |
| રાજલાઈન | |
| રાજપારડી | |
| જગડીયા | |
| ઉમલ્લા | |
| નેત્રંગ | |
| વાલીયા | |
| ડેરોલ | |
| વાગરા | |
| આમોદ | |
| જમ્બુસર | |
| સુરત | |
| સુરતલાઈન | |

## સુરત

| | |
|---|---|
| ચાંદી હાજર | |
| ચાંદીતેજાબી | |
| ચાંદીચાકા | |
| ચાંદી૯૯૯ | |
| ચાંદી સીક્કા | |
| સોનુશુદ્ધ | |

## મુંબઈ

કંતાન ...

| | |
|---|---|
| ૪૫×૧૧ | |
| ૬૦×૩૫ | |
| ૪૦×૧૦ | |
| ૪૦×૭ | |
| ૪૦×૩૫ | |
| સુતળી | ... |

| | |
|---|---|
| મદ્રાસ | ૪૯/૦૦ |
| બોલ્ડ | ૪૮/૫૦ |
| દિવેલ | |
| ફસ્ટપ્રેસર | ૨૪/૦૦ |
| કમરશીયલ | ૨૧/૦૦ |
| અળસી | |
| જાુન | ૧૨૨/૨૫ |
| સ્મોલ | ૫૫/૦૦ |
| બોલ્ડ | ૫૮/૫૦ |
| અળસીતેલ | ૨૩/૨૫ |
| કપાસીયા | |
| જાલાઈ | ૫૪/૫૦ |
| કોપરેલ | |
| કોપરેલ | ૪૯/૨૫ |
| રૂ બજાર | |
| બેંગાલ | ૨૭૫/૩૩૭ |
| ધોલેરા | ૩૨૯/૩૭૯ |

# આજે શેરોમાં ...
# અસાધારણ ચ...

(લોકસત્તા કાર્યાલય)

આજે શેર બજારોનું મક્કમ વલણ જળવાઈ રહ્યુ હતુ અને થોડાક સમ... પ્રવૃત્તિ જારી રહેવાને પરિણામે નવા ... હતું.

## બજારોની સ્થિતિ

પોલાદના શેરોમા તાતા આરડીન... ભાવ ૧૦૩/૨૫ રહ્યા હતા જ્યારે ઈન્ડિયન આયર્ન' ૧૭/૩૬ ની મક્કમ સપ...

કાપડના શેરોમાં સેંચરીમાં વધુ રૂા. ૨/૫૦ નો ચમકારો નોંધાતાં ... નિહાળી હતી જ્યારે સ્ટેન્ડર્ડમાં રૂા. ૧-૫૦ ની નરમાશ જોવા મળી હતી.

પરચુરણ શેરોમાં મિશ્ર વધઘટ હતી જ્યારે તેલબીયાંએ પણ સાંકડી વધ...

## પરચુરણ શેરોમાં નેશનલ રેયોન ...

# ગોકાક અને સૈંચરીના ભાવોમાં

## . મક્કારો

વડોદરા, તા. ૨૮

...વી મળી રહેલ લાભ થાળે પાડવાની ...ોદાનું પ્રમાણ હળવુ અને ઓછ

...રીના ભાવમાં પીછેહઠ નોંધાતા બંધ ...ાટી ટકાવી રાખી હતી.

...ને ૬૪૪/૬૪૩ ની ઊંચી સપાટી

...ઘટ દર્શાવી હતી.

## અને પ્રિમિયરમાં,

## ☆ ચૂંટણી સમાચાર ☆

વડોદરા, મંગળવાર

વોર્ડ નં. ૧૭ માં વાડી તાઈવાડા મેઈન રોડ ઉપર કોંગ્રેસ ચૂંટણી પ્રચાર કાર્યાલય સોમવારે મેયર શ્રી. નાનાલાલ ચોકસીએ ખુલ્લુ મુકતા જણાવ્યુ હતુ કે શહેરમાં વિકાસ વધતાં અને સમસ્યાઓ વધી છે. તમારા વિસ્તારમ પાણીનો પ્રશ્ન ઉકલી ગયો છે કોંગ્રેસ દેશમાં અને આ શહેરમાં જે કારભાર ચલાવે છે તેમાં જનતાના મોટા વર્ગનુ પીઠબળ છે. ત્યારે કોંગ્રેસ સંસ્થા ...

(કલાભવનવાળા) ની ચૂંટણી પ્રચાર આફીસનુ ઉદ્‌ઘાટન એમના સ્નેહીઓ ચાહકો. અને સ્વયંસેવકોની હાજરીમાં તેમના સલાટવાડાના નિવાસ સ્થાને આજે થયુ ... આ પ્રસંગે શ્રી. રણછોડભાઈ પટેલે શ્રી. અંબાલાલભાઈની વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓમાં નોંધ ભર્યો ફાળાનો ઉલ્લેખ કર્યો હતો. અને વોર્ડ નં. ૭ના શિક્ષીત અને સંસ્કારી મતદારો શ્રી. અંબાલાલભાઈને ચૂંટી મોકલશે એવી શ્રદ્ધા તેમણે વ્યકત ...

## બળાત્કાર માટે ૨ વર્ષની સખ્ત કેદ

અંકલેશ્વર, તા. ૨૭

અંકલેશ્વર સુરતી ભાગોળ પાસે રહેતા શ્રી જીવણલાલ લલ્લુભાઈ રાણાની અંકલેશ્વરની કન્યાશાળામાં અભ્યાસ કરતી તેર વર્ષની સગીર છોકરી ઉપર બળાત્કાર કરવા બદલ તહો. નાગલા મગન વસાવાને આજ રોજ ભરૂચના શેશન્સ જજ શ્રી. એચ. એમ. ગાંધીએ ગુનેહગાર ઠેરવી બે વર્ષની સખત કેદની સજા કરી છે. આ બનાવ તા. ૧૯-૧-૬૮ ના ...

# …થી પશાભાઈ રાજીનામું આપશે?

…. NO. G. 473

…૨૨૯, ૫૨૮૧, જા. ખ. ૪૩૨૩

## રાજ્યના હાલના પક્ષ નેતાઓ સામે પ્રહારો
## ડાહ્યાભાઇ પટેલને નેતા ચૂંટવા માગણી

(પ્રતિનિધિ તરફથી) વડોદરા, મંગળવાર

ગઈ સામાન્ય ચૂંટણીમાં વડોદરા મત વિસ્તારમાંથી લોકસભાના સભ્ય તરીકે સ્વતંત્ર પક્ષની ટીકીટ પર ચૂંટાયલા શ્રી. પશાભાઈ પટેલ સ્વતંત્ર પક્ષમાંથી તેમજ સંસદ સભ્ય પદેથી પણ રાજીનામું આપવાનું વિચારી રહ્યા હોવાનું જાણવા મળે છે.

લોકસત્તાને આપેલી એક ખાસ મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્યસભાના સભ્ય માટેની ગયે મહિને યોજાયેલી ચૂંટણી દરમ્યાન તેમજ અત્યારે ગુજરાત સ્વતંત્રપક્ષમાં જે કાંઇ ચાલે છે તે ઘણું દુઃખ ભર્યું છે. પક્ષની નીતિ તેમજ સિદ્ધાંન્તોને નેવે મૂકીને આપખૂદ રીતે વર્તી રહેલા ગુજરાત એકમના મોવડીઓ રાજકારણીઓ કરતાં નોકરશાહી તંત્રના માથાભારે અમલદારો જેવા વધુ લાગે છે.

### પક્ષનો વિશ્વાસ ગુમાવ્યો

તેમણે વધમાં જણાવ્યું કે પક્ષના સભ્યોનો વિશ્વાસ આ નેતાઓનો પરથી ઉઠી ગયો છે કે જેઓ માત્ર ક્ષત્રિયોનો ટેકો મેળવવા ખાતર મધ્યસ્થ સમિતિના નિર્ણયને ઠોકરે મારીને બાબુભાઈ વૈદ્ય સાથે રમત રમી શ્રી મહીડાને રાજ્યસભામાં મોકલે છે અને પક્ષ સાથે પણ રમત રમે છે.

### ડાહ્યાભાઈને નેતા ચૂંટો

ગુજરાત સ્વતંત્ર પક્ષના પ્રમુખ તરીકે નવું નામ સૂચવતા તેમણે કહ્યું કે 'એચ. એમ. પટેલ હાલ અનેકવિધ ધંધાકીય તેમજ રાજકીય જવાબદારીઓ સંભાળતા હોઈ બધે કદાચ પુરતું ધ્યાન આપી શકતા નહીં હોય તેથી સ્વતંત્ર પક્ષના સંસદ સભ્યોએ ગુજરાત સ્વતંત્ર પક્ષના પ્રમુખ પદે સરદારશ્રીના પુત્ર, શ્રી ડાહ્યાભાઈ પટેલનું નામ સૂચવ્યું હતું અને શ્રી. ભાઈકાકા પાસે એ નામ લઈને મને આણંદ મોકલ્યો હતો પરંત ભાઈકાકાએ એ વાત ઉડાવી દીધી છે. કૃષ્ણ-માચારી જેવાને બહાર કાઢનાર, ધર્માં તેજાનું પ્રકરણ બહાર લઈ આપનાર તથા નહેરૂ જેવાને પણ હંફાવનાર શ્રી. ડાહ્યાભાઈ પટેલ ગુજરાત સ્વતંત્ર પક્ષને વધુ ઈજ્જત અપાવશે તેમ સંસદ સભ્યોને લાગે છે અને મને પણ લાગે છે કે તેઓ જો ગુજરાતમાં હશે તો ભેગા મળીને નર્મદા જેવા પ્રશ્નોની રજુઆત અમે વધુ સારી કરી શકીશું.

### મુન્શીને પગલે

બાબુભાઈ વૈદ્ય પ્રકરણ અંગે તેમણે જણાવ્યું કે પક્ષના સિદ્ધાંતો અને નીતિમાં માનનારા અમે સૌ આ રમતથી ખિન્ન થઈ ગયા છીએ અને મુન્શીની જેમ હું પણ પક્ષમાંથી રાજીનામું આપવાનું વિચારૂ છું.